ओ३म्
।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# આર્ય વૈદિક દર્શન

**Arya Vedic Darshan (Monthly)**

RNI Registration No. GujGuj/2015/63289
RNP No. Rajkot / 672 / 2015 - 17



आपको बहुत मूल्यवान मनुष्य जीवन मिला है। इसे व्यर्थ न गंवायें। कुछ विशेष और अच्छा काम करें और जीवन को सफल बनायें।

| | |
|---|---|
| सृष्टि संवत् | : १,९६,०८,५३,११७ |
| विक्रम संवत् | : २०७३ |
| दयानन्दाब्द | : १९३ |
| वर्ष | : २ |
| अंक | : जनवरी - २०१७ |
| वार्षिक शुल्क | : १००रुपये    पृष्ठ संख्या : ८ |

Vol.2, Issue 10, 1 January 2017 Ahmedabad, (Gujarat), Page : 8, Rs. 100 Annual.


### સ્વામી શ્રદ્ધાનંદજીના બલિદાન દિવસને

## ગુજરાતની આર્યસમાજોએ દલિતોદ્ધાર દિવસ તરીકે ઉજવ્યો

અમર શહીદ સ્વામી શ્રદ્ધાનંદજીનું જીવન અને કાર્ય પ્રેરણા આપનારૂ રહ્યું હતું. શિક્ષણ, હિન્દુ સંગઠન, શુદ્ધિ આંદોલન, સ્વતંત્રતા આંદોલન જેવા અનેક ક્ષેત્રો ઉપરાંત દલિત્તોદ્ધાર સભા સ્થાપીને દલિતોને હિન્દુ સમાજનું એક આંગણ માની તેમને અપમાનિત થતા બચાવવાનું અભિયાન ચલાવ્યું.

વર્તમાનમાં પણ દલિતો પ્રત્યે ભેદભાવ રાખી તેઓ પર અત્યાચાર ગુજારવાની ઘટનાઓ બને છે. આર્યસમાજે પ્રારંભથી જ દલિતોને ગળે લગાવ્યાં છે. આથી આર્યસમાજે વર્તમાનમાં પણ પોતાની જવાબદારી ઉપાડવી રહે છે. આથી ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ ગુજરાતની તમામ આર્યસમાજ અમર શહીદ સ્વામી શ્રદ્ધાનંદજીનો બલિદાન દિવસ - ૨૩ ડિસેમ્બર ને દલિત્તોદ્ધાર દિવસ તરીકે ઉજવવા પ્રેરણા આપી હતી. જે માટે કેટલાંક કાર્યક્રમોનું સૂચન પણ કરેલ હતું.

આર્યસમાજો દ્વારા સમ્પન્ન થયેલ દલિત્તોદ્ધાર દિવસના સમાચારોનું સંકલન અહીં આપેલ છે.

આર્યસમાજ કાંકરિયા, અમદાવાદ :- ૨૩ ડિસેમ્બરના રોજ આર્યસમાજ દ્વારા સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ દલિતોદ્ધાર દિવસ તરીકે ઉજવવામાં આવ્યો જેમાં છેલ્લાં ત્રણ વર્ષમાં આર્યસમાજ દ્વારા લગ્ન કરાવનાર દલિતો અને અન્ય સામાજિક પછાત જાતિના દંપતી તથા તેમના પરિવારને આમંત્રણ આપવામાં આવ્યું. દંપતીઓનું સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું. સન્માનિત દંપતીઓએ પોતાના સન્માનનું સાનુકૂળ પ્રતિભાવ આપી ખુશી વ્યક્ત કરી. અને જણાવ્યું કે આવું આમોએ પ્રથમ વખત જ જોયું કે આર્યસમાજ નબળા વર્ગના લોકોને પ્રેમભાવથી આવકારે છે.



નડિયાદ ખાતે દલિતોદ્ધાર દિવસની ઉજવણી

આ પ્રસંગે ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીએ આશીર્વચનો કહ્યા હતાં તેમજ પં. ભૂપેન્દ્રસિંહે પોતાના બુલંદ અવાજમાં ભજનો પ્રસ્તુત કર્યા હતાં. કાર્યક્રમના અંતે તમામે સમૂહભોજન લીધુ હતું.

નડીયાદ :- આર્યસમાજ-નડિયાદ દ્વારા સ્વામી શ્રદ્ધાનંદજીનો ૯૦ મો બલિદાન

અનુસંધાન પાના નં. ૬ પર...

### ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની

## આગામી અંતરંગ બેઠક ૧૫ જાન્યુ. ના રોજ આર્યસમાજ, ધ્રાંગધ્રા ખાતે મળશે.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિસભાની અંતરંગસભાની બેઠક આગામી ૧૫ જાન્યુઆરી ૨૦૧૭ રવિવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, ધ્રાંગધ્રા ખાતે મળશે. જેનો પરિપત્ર તમામને રવાના કરવામાં આવેલ છે.

### શારદા હાઈસ્કૂલ આણંદ ખાતે

## આર્યસમાજ દ્વારા યોગ કાર્યક્રમ યોજાયો.



ચરોતર પ્રદેશ આર્યસમાજ - આણંદ દ્વારા વિદ્યાર્થીઓની સર્વાંગીણ ઉન્નતિ થાય તેવા ઉમદા હેતુથી અનેકવિધ પ્રવૃત્તિઓ અવિરત કરવામાં આવી રહી છે. શાળાઓમાં ભણતા વિદ્યાર્થી ભાઈ-બહેનોનું શરીર ખડતલ બને, મન એકાગ્ર થાય, યાદશક્તિમાં વધારો થાય, સુસંસ્કારોનું સિંચન થાય, તેમની ચિંતન શક્તિનો વિકાસ થાય તેવા શુભ આશયથી સંસ્થાએ સંસ્થાના અંતરંગ સદસ્ય યોગ પ્રશિક્ષક શ્રી કેતનભાઇ જે. પટેલ (નાવલી)ના માધ્યમથી તા. ૨૭-૧૧-૨૦૧૬ અને તા. ૨૮-૧૧-૨૦૧૬ બે દિવસ સવારે ૭.૩૦ થી ૮.૩૦ સુધી શારદા હાઈસ્કૂલ, આણંદ ખાતે ૩૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને યોગાસન, વ્યાયામ અને પ્રાણાયામનો સઘન અભ્યાસ કરાવ્યો હતો.

કાર્યક્રમ દરમ્યાન શ્રી કેતનભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને રાત્રે વહેલા સુઇ સવારે સૂર્યોદયની પહેલાં (સવારે ૪.૦૦ થી ૫.૦૦) ઉઠવાથી થતા ફાયદા તેમજ અભ્યાસ કેવી રીતે કરવો, મનને કેવી રીતે શુદ્ધ રાખવું, સાત્વિક ખોરાક ખાવો, નિયમિત વ્યાયામ કરવો શાકાહાર કરવો. દુર્વ્યસનોથી બચવું, કુટેવો છોડવી, હંમેશા સજ્જનોનો સંગ કરવો, માતા-પિતા-ગુરુજનોનો સદા આદર કરવો જેવી બાબતોની સમજ વિવિધ રમૂજી દૃષ્ટાંતો દ્વારા આપી હતી તથા આર્યસમાજમાં દરરોજ સવારે ૬ થી ૭.૩૦ દરમ્યાન ચાલતા નિઃશુલ્ક યોગ કેન્દ્રમાં સૌ વિદ્યાર્થીઓ તેમના માતા-પિતા તથા શિક્ષણગણ ભાગ લઇ સ્વાસ્થ્ય લાભ લેવા સંસ્થા વતી આમંત્રણ પાઠવ્યું હતું.

શાળા પરિવાર આચાર્યશ્રી-શિક્ષકોએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન તથા નિત્યાભ્યાસને લગતું માર્ગદર્શન પૂરું પાડયું હતું તથા શ્રી કેતનભાઇ પટેલનો તથા ચરોતર પ્રદેશ આર્યસમાજ - આણંદના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક યોગ પ્રશિક્ષણ આપવા બદલ હાર્દિક આભાર માન્યો હતો.

www.thearyasamaj.org



आर्यसमाज के सिद्धान्त

# વેદનો પરિચય સંક્ષિપ્તમાં

વૈદિક સંસ્કૃતિનો વેદ એ મૂળ આધાર છે. સંસારમાં જેટલું પણ જ્ઞાન વિજ્ઞાન, વિધાઓ અને કળા છે તેનો મુખ્ય સ્ત્રોત વેદ છે. વેદમાં વૈદિક સંસ્કૃતિનું યર્થાથ નિરૂપણ કરવામાં આવેલ છે અને માનવતાના ઉચ્ચતમ મૂલ્યોનું સંપૂર્ણ વર્ણન છે.વેદોના અભ્યાસ, તેનું ચિંતન અને વેદાનુસાર આચરણ કરીને મનુષ્ય પોતાના સ્વરૂપને જાણીને તથા પોતાના જીવનના લક્ષને સમજીને પોતાના લૌકિક અને પરલૌકિક જીવનને આનંદમય બનાવી શકે છે.

વેદ એ દિવ્ય જ્ઞાન છે જે સૃષ્ટિના પ્રારંભમાં મનુષ્યની શારિરીક, માનસિક, સામાજીક અને ચરિત્રને લગતી ઉન્નતિ માટે ના રસ્તાઓ દર્શાવવા માટે આપવામાં આવ્યું.

વેદ ચાર છે અને વેદોનું જ્ઞાન ચાર ઋષિઓને પ્રાપ્ત થયું હતું. અહીં આપણે સંક્ષિપ્તમાં દરેક વેદનો પરિચય જોઈએ.

## ઋગ્વેદઃ-

સંસારના પુસ્તકાલયમાં ઋગ્વેદ સહુથી પ્રાચીન છે. આ વાતનો પશ્ચિમના વિદ્વાનોએ પણ સ્વીકાર કરેલ છે. ઋગ્વેદની મહીમાનું વર્ણન કરતાં મેકસમુલર કહયુ હતું કે, જયાં સુધી પૃથિવી પર પર્વત અને નદીઓ રહેશે ત્યાં સુધી સંસારના મનુષ્યોમાં ઋગ્વેદનો પ્રચાર રહેશે. ચારે વેદો અપૌરૂષેય છે અને બધાજ મહત્વર્પૂણ છે પરંતુ તેમાં ઋગ્વેદનું વિશિષ્ટ સ્થાન છે. ચારે વેદોમાં ઋગ્વેદનું નામજ પ્રથમ લેવામાં આવે છે. આકાર-પ્રકાર અને મંત્રોની સંખ્યાના પ્રમાણમાં પણ ઋગ્વેદ સહુથી મોટો છે.

ઋગ્વેદની ગણના બે પ્રકારથી કરવામાં આવે છે. એક મંડલ, સૂકત અને મંત્ર અને બીજી અષ્ટક,અધ્યાય,અનુવાક,વર્ગ અને મંત્ર. ઋગ્વેદમાં ૧૦ મંડલ, ૧૦૨૮ સૂકત અને ૧૦૫૨૨ મંત્ર છે. બીજી ગણના અનુસાર આઠ અષ્ટક, ૬૪ અધ્યાય, ૮૫ અનુવાક અને ૨૦૨૪ વર્ગ છે. શતપથબ્રાહણ અનુસાર ઋગ્વેદમાં ૪,૩૨,૦૦૦ અક્ષર છે. મંત્ર સંખ્યા બાબતમાં વિદ્વાનોમાં મતભેદ પ્રર્વતે છે.

ઋગ્વેદ એ વિજ્ઞાનનો વેદ છે. આમાં તણખલા થી માંડીને ઈશ્વરપર્યન્ત બધાજ પદાર્થોનું વિજ્ઞાન ભરેલું છે. પ્રકૃતિ શું છે ? અગ્નિ, વાયુ આદિ ભૂતોના ગુણ વિશેષતાઓ શું છે ? જીવ શું છે ? જીવનો ઉદેશ્ય શું છે અને લક્ષ્યપ્રાપ્તિના સાધનો કયા છે ? ઈશ્વરનું સ્વરૂપ શું છે ? ઈશ્વરની પ્રાપ્તિ શા માટે આવશ્યક છે અને તે કયા પ્રકારે થઈ શકે ? આ બધીજ વાતોનું વર્ણન ઋગ્વેદમાં થી જ મળી શકે.

ઋગ્વેદના બે બ્રાહણ છે એતરેય અને કૌષીતકી. ઋગ્વેદનો ઉપવેદ આયુર્વેદ છે. ઋગ્વેદમાં સહુથી મોટામાં મોટુ સૂકત ૫૮ ઋચાનું છે અને સહુથી નાનુ સૂકત એક ઋચાનું છે. ફકત બે ચરણવાળા ૧૭ અને ફકત એક ચરણવાળા ૬ મંત્રો છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ ઋગ્વેદનું ભાષ્ય કરવાનો પ્રારંભ કર્યો હતો પરંતુ તે પૂર્ણ ન કરી શકયા. સ્વામીજી સાતમા મંડલના ૬૧મા સૂકતના બીજા મંત્ર સુધી જ ભાષ્ય કરી શકયા.

---

## યજુર્વેદ

જ્ઞાન સ્વરૂપ પ્રભુએ યજુર્વેદ નો પ્રકાશ વાયુ ઋષિના હદયમાં કરેલ હતો. યજુર્વેદની એક નકલ જયારે ફ્રાંસના પ્રસિધ્ધ વિદ્વાન વોલ્ટેયરને ભેટ આપવામાં આવી ત્યારે તેમણે કહયું હતું કે " For this valuable gift West will be ever indebted to the East". અર્થાત આ બહુમૂલ્ય દેન માટે પશ્ચિમ હંમેશા પૂર્વનો ઋણી રહેશે.

યજ્ઞની પ્રક્રિયામાં યજુર્વેદ નું પ્રમુખ અને મહત્વપૂર્ણ સ્થાન છે અતઃ આને યજ્ઞવેદ પણ કહેવામાં આવે છે. યજ્ઞનું એક નામ અધ્વર પણ છે.આથી યજુર્વેદને અધ્વર્યુવેદ પણ કહે છે. ચારે વેદોની પોતપોતાની વિશેષતાઓ છે તે અનુસાર યજુર્વેદ કર્મકાંડપ્રધાન છે. યજુર્વેદ કર્મવેદ છે. પ્રથમ મંત્રમાંજ - સવિતા પ્રાર્પયતુ શ્રેષ્ઠતમાય કર્મણે- થી શ્રેષ્ઠતમ કર્મો કરવાનો આદેશ કરવામાં આવેલ છે અંતમાં પણ કર્મ કરવા પરજ ભાર મુકવામાં આવેલ છે. મનુષ્યએ આ સંસારમાં સો વર્ષ સુધી કર્મ કરતાંજ જીવવાની ઈચ્છા રાખવી જોઈએ.

યજુર્વેદ યજ્ઞવેદ અને કર્મકાંડપ્રધાન છે પરંતું તેનો સંકુચિત અર્થ ન કરતા વ્યાપક રીતે જોવો જોઈએ. પ્રત્યેક પરોપકારનું કર્મ એ એક યજ્ઞ છે તેથીજ યજુર્વેદમાં ધર્મનીતિ, સમાજનીતિ, રાજનીતિ, અર્થનીતિ, શિલ્પ, કલા-કૌશલ્ય તથા મનુષ્યના જન્મથી મૃત્યુ સુધીના બધાજં કર્મોનું વર્ણન કરવામાં આવ્યું છે. અધ્યાત્મજ્ઞાનના ગૂઢ તત્વો પણ અનેક જગ્યાએ જોવા મળે છે અને યજુર્વેદના ચાલીસમો અધ્યાય તો આધ્યાત્મિક તત્વોથી જ પરિપૂર્ણ છે. આ અધ્યાય ઈશાવસ્યોપનિષદ ના નામથી પ્રસિધ્ધ છે.

પ્રાચીન કાળમાં યજુર્વેદની ૧૦૧ શાખાઓ હતી. આ શાખાઓના પણ બે પ્રધાન વર્ગ છે.એક શુકલ અને બીજો કૃષ્ણ. શુકલ યજુર્વેદની ૧૫ શાખાઓ હતી અને કૃષ્ણ યર્જુવેદની આઠ શાખાઓ હતી. શુકલ યજુર્વેદનો બ્રાહણ શતપથ અને ધર્નુવેદ છે યજુર્વેદની અધ્યાય સંખ્યા ૪૦ અને મંત્રસંખ્યા ૧૯૭૫ છે.

મહર્ષિ દયાનંદ એ શુકલ યજુર્વેદ પર પોતાનું પ્રસિધ્ધ ભાષ્ય લખેલ છે. મહર્ષિ દયાનંદનું ભાષ્યનું અપૂર્વ અને વૈદિક સત્ય સિધ્ધાંતોને પ્રતિપાદીત કરતું અને મનુષ્યના દૈનિક કર્તવ્યો નો સંદેશ અને ઉપદેશ આપે છે.જયારે ઉવ્વટ અને મહિધરે કરેલ ભાષ્ય એટલા બધા અશ્લીલ છે કે તે સભ્ય સમાજ સમક્ષ બેસીને વાંચી પણ શકાય નહી.

www.thearyasamaj.org



इस मास के विशिष्ट व्यक्ति



### મહર્ષિ દયાનંદના પ્રશંસક
### ૧૮ જાન્યુઆરી જન્મદિવસ
# મહાદેવ ગોવિંદ રાનડે

ઇ.સ. ૧૮૫૭માં ભારતોદ્ધારક મહર્ષિ દયાનંદ સરસ્વતી પૂના પધાર્યા હતા. એમના વ્યાખ્યાનોથી સંસાર અને ધર્મના સુધારાને સારું સમર્થન મળ્યું હતું. રાનડે અને તેમના મિત્રો, એમના ધર્મોપદેશથી ઘણા પ્રસન્ન થયા હતા અને એ પ્રસન્નતા પ્રગટ કરવા સારુ સ્વામીજી વિદાય થાય તે અગાઉ તેમના માનમાં સવારી કાઢવાનો વિચાર કર્યો હતો. એ સમાચાર શહેરમાં ફેલાતાં જૂના વિચારના હિંદૂઓએ તેમની વિરુદ્ધ ચળવળ ઊભી કરી. એ લોકોએ સ્વામીજીનું અપમાન કરવા સારુ ગર્દભાનંદનો વરઘોડો કાઢયો અને આખા શહેરમાં ગલીએ ગલીએ ફેરવ્યો. પેલી તરફ રાનડે અને એમના સુધારક દળે જાહેરાત મેળવડામાં સ્વામીજીનું સન્માન કરીને ઠાઠમાઠ સાથે સવારી કાઢી. એક પાલખીમાં વેદને પધરાવ્યા અને હાથી ઉપર સ્વામીજીને બેસાડયા. સવારી ચાલવા માંડી એટલે વિરુદ્ધ પક્ષના માણસોએ ગાળો ભાંડવાનું તથા તોફાન કરવાનું શરૂ કર્યું. એ દિવસે વરસાદ પડેલો હોવાથી રસ્તામાં ઘણો કીચડ થયો હતો; પરંતુ રાનડે સાચા સત્યાગ્રહી હતા. વિરોધીઓનો કોઇ પણ પ્રકારે પ્રતિકાર ન કરતાં શાંતિથી તેઓની સવારી ચાલવા લાગી એમને ઉશ્કેરવા માટે વિરોધીઓ કીચડના ગોળા ફેંકવા માંડયાં. સવારીમાંના સજ્જનોને સખ્ત પ્રહાર થવા માંડયા. ધૈર્ય ડગ્યું નહિ. પોલીસનો બંદોબસ્ત સાથે રાખ્યો હતો; તો પણ અમને રાનડેએ ચેતવણી આપી હતી કે અમારું ગમે તેટલું અપમાન થાય, પણ અમારા કહ્યા વગર તમે વચમાં પડતા નહિ માત્ર સવારી સાથે શોભા માટે રહેવું સવારી જરા વધારે આગળ ચાલી એટલે સનાતનધર્મીઓએ લાકડીઓ તથા પથરા ચલાવવાની શરૂઆત કરી. કેટલાંક જખમી પણ થયા. આખરે શાંતિના રક્ષણ સારુ પોલીસને વચમાં પડવું પડયું, એટલે હુલ્લડખોરો વીખરાઇ ગયા.

રાનડે ઘરે પહોંચ્યા ત્યારે એમના વસ્ત્ર કાદવકીચડના ગોળઓથી ખરડાયેલાં હતાં. એ જોઇને ઘરનાં માણસોએ કહ્યું કે સાથે પોલીસના સિપાઇઓ હતા, તો પણ તમારા ઉપર કાદવ કેમ આવ્યો? ત્યારે એમણે હસીને કહ્યું કે, કેમ વારુ? બધાની સાથે જ્યારે હું હતો, ત્યારે મને પણ કેમ ન વાગે? પક્ષાભિમાનનાં કામો તો એવાં જ હોય. બીજા પક્ષના માણસો થોડા હોય કે વધારે હોય અમને શી પરવા છે? આવે વખતે માનાપમાનનો વિચાર અમારા મનમાં આવે પણ કેમ ? એ વાતો તો એમજ ચાલવાની.

ઇ.સ. ૧૯૮૬-૮૭માં શ્રી યુત મહાદેવ ગોવિંદ રાનડને સરકારી કામને અંગે કલકત્તામાં રહેવું પડયું હતું. કલક્તામાં એમણે બંગાળી શીખવાનું શરૂ કર્યુ હતું. એક દિવસે હજામ એમની હજામતે બનાવવા આવ્યો. રાનડેએ હજામત કરાવતી વખતે એક બંગાળી પુસ્તક હાથમાં લઇને મોટેથી વાંચવા માંડયું અને જ્યાં અઘરું લાગતું ત્યા પેલા હજામને પૂછતા. રમાબાઇ પાસેના ઓરડામાં બેઠા હતાં; સ્વામી સાથે બીજા કોઇ માણસને વાતચીત કરતો સાંભળીને એ ત્યાં આવ્યા અને ધ્યાનપૂર્વક જોવા લાગ્યાં. રાનડે હાથમાં બંગાળી પુસ્તક લઇ મોટેથી વાંચી રહ્યા છે અને હજામ, શબ્દનો ઉચ્ચાર તથા અર્થ સમજાવી રહ્યો છે. એ જોઇને રમાબાઇને હસવું આવ્યું અને હજામના ગયા પછી કહ્યું કે, વાહ! માસ્તર તો બહુ સારો શોધી કાઢયો! શ્રીદત્તે ચોવીસ ગુરુ કર્યા હતા, તેમ પોતાના ગુરુની યાદી કરવા કોઇ મને કહેશે તો આ ગુરુનું નામ હું પહેલું લખીશ. પ્રાચીનકાળમાં ગુરુની પાસે શીખવું હોય તો એજનીજ સેવા કરવી પડતી હતી; પણ આ બિચારો ગુરુ તો આપની સેવા કરે છે, માટે એનું પહેલું જોઇએ.

ભારત વર્ષમાં કેળવાયેલાં સ્ત્રી-પુરુષોએ પોતાની ભાષા ઉપરાંત બીજા પ્રાંતોની ભાષા શીખવાનો પણ પ્રયાસ કરવાનો જોઇએ. હિંદુસ્તાનની એકતા સારુ, એકબીજાનાં હૃદય ઓળખવા સારુ એની આવશ્યકતા છે. અમારા અનેક ગુજરાતી બંધુઓ કલકત્તામાં ઘણા વર્ષ સુધી રહ્યા છતાં બંગાળી ભાષા અને સાહિત્યનો અભ્યાસ નથી કરતા, એ શોચનીય છે.

ન્યાયમૂર્તિ રાનડેને બાલ્યાવસ્થાથી જ ગરીબો પ્રત્યે દયા હતી. નિર્ધન ગોઠિયાઓની દશા જોઇને એમનું હૃદય પીગળી જતું. તહેવારને દિવસે માતા મોટા હરખથી એમને કંઠી, વીંટી વગેરે પહેરાવે, પરંતુ કંઠી પહેરાવે તે દેખાય નહિ તેટલા માટે ગળે ખેસ વીંટે, કડું, પહેરણની બાંયની અંદર ઘાલી દે અને વીંટીમાંનું નંગ અંદરની બાજુ ફેરવી લઇ મૂઠી વાળી રાખે. એક વાર ઘરની એક વડીલ સ્ત્રીએ તેમને ઠપકો આપ્યો કે માધવ! તારી માં આટલા પ્રેમથી તને ઘરેણાં પહેરાવે છે તે તું કેમ પહેરાવવા દેતો નથી વારુ? ને પહેરે છે તો દીવાનાની માફક સંતાડે છે કેમ? બાળક માધવરાવે ઉત્તર આપ્યો કે રોજ આપણે ત્યાં માધુકરી કરવા સારુ બે વિદ્યાર્થીઓ આવે છે અને ભોજન કરી જાય છે તે દાગીના ક્યાં પહેરે છે?

પોતાના જ જેવાં વિદ્યાર્થીઓ માધુકરી માગી પેટ ભરે, અલંકારનું તો દર્શન સુદ્ધા ન કરે અને પોતે ઠાઠ મારીને ફરે, એ એમના પરગજુ હૃદયને અસહ્ય થઇ પડયું હતું. એજ સદ્ગુણોના વિકાસથી ભવિષ્યમાં એમણે દેશહિતનાં અનેક કાર્યો કર્યા હતાં.

એક સમયે રાનડેના માતાએ એમને બરફી આપી અને એમના બીજા હાથમાં એક નાનો કટકો આપીને કહ્યું કે આ તું ખા અને આ પેલા છોકરાને આપ. રાનડેએ નાનો કટકો પોતાના મુખમાં મુક્યો અને મોટો કટકો ચાકરના છોકરાને આપ્યો. થોડવારમાં ચાકરના બાળકના હાથમાં કોટો કટકો જોઇ માતાએ પૂછયું કે અરે! આને નાનો કટકો આપવાનો હતો તે મોટો આપ્યો અને તે નાનો લીધો? માધવરાવે કહ્યું કે તેં આ હાથમાંનો એને આપ એમ ક્હ્યું માટે મેં એ આપ્યો. માતાને સમજાયું કે આ હાથમાંનો આપ એમ કહેવામાં પોતાની ભૂલ થઇ જવાથી આમ બન્યું હતું.

માતાએ તો ભૂલ કરી પણ બાળક રાનડેએ તો સરળતાથી તેમની આજ્ઞા પાળી.

રાનડેના પિતાજી કોલ્હાપુરમાં હતા, ત્યારે એમના ઘરમાં માણેકઠારી પૂનમને દિવસે બ્રાહ્મણો તથા મિત્રમંડળને બોલાવી દૂધ આપવાનો રિવાજ હતો અને નિશાળનાં બધાં વિદ્યાર્થીઓને બોલાવીને તે દિવસે રાત્રે બે વગાતા સુધી જાગરણ કરી ચોપાટ રમવાની રજા હતી. એક વર્ષે એવું બન્યું કે, માણેકઠારી પૂનમની રાત્રે સાથે રમવા સારુ પિતાના મિત્રના ઘરનાં છોકરાઓ હાજર નહતા, કેમકે કામ પ્રસંગે તેઓ બીજે ગામ ગયા હતાં. નાની બહેન પણ સૂઇ ગઇ હતી. રાનડે ફોઇ પાસે સોગટાં માગવા ગયાં. ફોઇએ કહ્યું કે, દુર્ગા સૂઇ ગઇ છે. બીજાં કોઇ છોકરાં આવ્યાં નથી, તુ કોની સાથે ચોપાટ રમીશ? તેમણે કહ્યું હું કોઇની સાથે પણ રમીશ. તું સોગટા આપ, એટલે થયું. ફોઇએ સોગટાં આપ્યા. બાળક રાનડે તે લઇને ઓટલા ઉપર ગયા અને એક થાંભલા આગળ બેસીને દાવ શરૂ કર્યો. એક હાથ પોતાનો અને એક હાથ થાંભલાનો એમ સમજી રમાવાની શરૂઆત કરી અને બંને વખત થાંભલાએ તેમને હરાવ્યા. એ જોઇને ફોઇએ મશ્કરી કરી કે અરેરે! આજ તો તારી ફજેતી થઇ. એક નિર્જીવ થાંભલાએ તને હરાવ્યો? દશ વર્ષના બાળક રાનડેએ ગુસ્સે ન થતા ધીમેથી કહ્યું તો એમાં થયું શું ? જે સાચું તે સાચું જ. થાંભલાનો હાથ સારો પડયો, એટલે તે જીત્યો, મારો પડયો નહિ, એટલે હું હાર્યો. એમા ફજેતી શાની? આ થાંભલાનો દાવ હું જમણે હાથે રમતો હતો, અને એ હાથને રમવાની ટેવ હોવાથી એનો દાવ સારો પડતો હતો, પરંતુ ડાબા હાથે રમવાની ટેવ ન હોવાથી બરાબર રમતાં જ આવડતું નહી, તો પછી મારે જોઇતો દાવ પડે જ ક્યાંથી? બીજો કોઇ ચાલાક છોકરો હોત તો થાંભલાથી હારત નહિ. આ પ્રમાણે કોઇ પણ વાતમાં લુચ્ચાઇ ન કરતા હોય તેવું કહી દેવું એ નાનપણથી જ રાનડેનો સ્વભાવ હતો.

www.thearyasamaj.org



# આર્યસમાજ જામનગર દ્વારા ઉજવાયો ૯૦ મો વાર્ષિક ઉત્સવ



આર્યસમાજ પોરબંદર દ્વારા પ્રકાશિત સ્વામી શ્રદ્ધાનંદ પુસ્તક અર્પણ કરતા પૂર્વધારાસભ્યશ્રી (જામનગર) લાલજીભાઇ સોલંકી તથા યજમાન પદે બિરાજેલ દલિત ભાઇ - બહેનો સાથે આર્યસમાજના પદાધિકારીઓ

આર્યસમાજ - જામનગરમાં ૯૦ માં વાર્ષિકોત્સવ પ્રસંગે તા. ૨૦-૧૨-૨૦૧૬ થી તા. ૨૩-૧૨-૨૦૧૬ દરમ્યાન વેદકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેદકથા બ્રહ્માસ્થાને પૂ. સ્વામી શાંતાનંદજી સરસ્વતી (એમ. એ. દર્શનાચાર્ય) અને વેદપાઠી તરીકે આર્યસમાજ - જામનગરના પુરોહિત પં. ચંદ્રપ્રકાશ શાસ્ત્રી અને સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળ - ભવાનીપુર (કચ્છ) ના બ્રહ્મચારીઓ રહ્યા હતા. જેમાં મુખ્ય યજમાન તરીકે શ્રી મહેશભાઇ રામાણી પરિવાર રહેલ પૂ. સ્વામી શાંતાનંદ સરસ્વતીની રસપ્રદ શૈલીમાં વેદકથાનો બહોળી સંખ્યામાં આર્ય સદસ્યોએ લાભ લીધો.

આ વાર્ષિકોત્સવના ઉપલક્ષ્યમાં તા.૧૨-૧૨-૨૦૧૬ ના રોજ જામનગર જિલ્લાની પ્રાથમિક વિભાગની કન્યા શાળાઓની વિદ્યાર્થીની બહેનોની એક વકતૃત્વ સ્પર્ધા સ્મૃતિશેષ મનહરબેન દવેની સ્મૃતિમાં યોજવામાં આવી હતી.

તેવી જ રીતે તા. ૨૧-૧૨-૨૦૧૬ ના રોજ જામનગર જિલ્લાની માધ્યમિક વિભાગની કન્યા શાળાઓની વિદ્યાર્થીની બહેનોની એક વકતૃત્વ સ્પર્ધા આર્યસમાજ જામનગરના પાયાના પથ્થર અને પૂર્વ પ્રમુખ સ્મૃતિશેષ ભાણજીભાઇ સંઘરાજ પટેલની સ્મૃતિમાં યોજવામાં આવી હતી.

તા. ૨૨-૧૧-૨૦૧૬ ના રોજ જામનગર જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક વિભાગની કન્યા શાળાઓની વિદ્યાર્થીની બહેનોની એક વકતૃત્વ સ્પર્ધા આર્યસમાજ જામનગરના પાયાના પથ્થર અને પૂર્વ માનદ મંત્રી સ્મૃતિશેષ જયંતીલાલ ગોકળદાસ ઠક્કરની સ્મૃતિમાં યોજવામાં આવી હતી.

ઉપરોક્ત બધીજ સ્પર્ધાઓમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધેલ હતો.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આર્યસમાજ - જામનગર મંત્રી ડૉ. અવિનાશ ભટ્ટ, પ્રમુખ શ્રી પ્રેમજીભાઇ રાણા, ઉપપ્રમુખ કીર્તિબેન ભટ્ટ, ઉપમંત્રી પૂનમબેન ખન્ના, કોષાધ્યક્ષ શ્રી વિનોદભાઇ નાંઢા, પુસ્તકાધ્યક્ષ શ્રી પ્રભુલાલ મહેતા, અંતરંગ સદસ્યો શ્રી મહેશભાઇ રામાણી, શ્રી દીપકભાઇ ઠક્કર, શ્રી દીપક નાંઢા, શ્રી જગદીશભાઇ મકવાણા, શ્રી પ્રવિણભાઇ જેઠવા, શ્રી ભરતભાઇ આશાવર, શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલયના આચાર્યા શ્રી પ્રફુલ્લાબેન રૂપડીયા અને શ્રી સ્વાતીબેન વ્યાસ, સંસ્થા અને શાળાના સમગ્ર કર્મચારીગણે જહેમત ઉઠાવી હતી.

# અમદાવાદ ખાતે યોજાયો યજ્ઞ પ્રશિક્ષણ શિબિર



હવનસામગ્રી પ્રદર્શન

આર્યસમાજ અમદાવાદ તથા વૈદિક સંસ્થાન-ઓઢવના સંયુક્ત ઉપક્રમે આચાર્ય શ્રી જ્ઞાનેશ્વરાર્ય (દર્શનાચાર્ય) વાનપ્રસ્થ સાધક આશ્રમ-રોજડના બ્રહ્મત્વમાં તા. ૨૩-૧૨-૨૦૧૬ થી ૨૫-૧૨-૨૦૧૬ સુધી ત્રિદિવસીય ચક્રયાત્મક યજ્ઞ પ્રશિક્ષણ શિબિરનું ભવ્ય આયોજન કંકુબાગ પાર્ટી પ્લોટ, નિશાંત ચાર રસ્તા વસ્ત્રાલ રોડ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું. જેમાં ૫૦૧ કુંડી યજ્ઞ કરવામાં આવ્યો. જેમાં દરરોજ સવાર-સાંજ ૧૫૦૦થી વધુ યજમાનોએ યજ્ઞનું પ્રશિક્ષણ મેળવ્યું.

આચાર્ય જ્ઞાનેશ્વરજીએ યજ્ઞનું મહત્વ, વૈદિક ધર્મ, ઇશ્વર તથા રાષ્ટ્રભાવના પ્રેરિત પ્રવચનો વડે છાત્રાબિરાર્થીઓને તરબોળ કરી દીધાંહતાં.

આ પ્રસંગે ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા તૈયાર કરેલ હવન સાગ્રીનું પ્રદર્શન યજ્ઞપ્રેમીઓના દર્શનાર્થે ગોઠવવામાં આવ્યું હતું. સમગ્ર પ્રદર્શનનું આયોજન સંસ્થાના અંતરંગ સભ્યશ્રી કેતનભાઇ પટેલ, શ્રી જયેશભાઇ આર. પટેલ, શ્રીમતી સ્નેહાબેન પટેલ (નાવલી) તથા શાર્મિલભાઇ વિદ્યાનગર દ્વારા કરવામાં આવ્યું હતું. હવન સામગ્રી પ્રદર્શનમાં ઋતુ પ્રમાણે ક્યા દ્રવ્યો કેટલા પ્રમાણમાં લઇને હવન કરવો તેના બેનરો, હવન કરવાથી થતા ફાયદા અંગેના બેનરો, હવ્ય દ્રવ્યોનાં સેમ્પલ, યજ્ઞ પાત્ર, યજ્ઞ સમિધાના સેમ્પલ નામ સહિત પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. જેનો શિબિરમાં આવનાર દરેક વ્યક્તિએ લાભ લીધો હતો. તથા સૌએ આ પ્રકારનું પ્રદર્શન જીવનમાં પહેલીવાર નિહાળ્યું તેવો સૂર વ્યક્ત કર્યો હતો. સાથે આ પ્રકારના આયોજન મોટા પ્રમાણમાં ઠેરઠેર થતા રહેવા જોઇએ. તેવી લાગણી વ્યક્ત કરીને પ્રદર્શન યોજવા બદલ આર્યસમાજ આણંદ તથા આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલા તથા મંત્રીશ્રી અશોકભાઇ પટેલની સીધી દેખરેખ હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# આવો, પરિચય કરીએ મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**ગ્રન્થનું નામ :** મુંબઇ - પ્રવચન

**રચના કાળ :** ૧૮૮૧-૮૨ **ભાષા :** હિન્દી (મૂળ ગુજરાતીમાંથી અનુવાદ)






**પરિચય :** સમહર્ષિ દયાનંદે ૩૦ ડિસેમ્બર ૧૮૮૧ થી ૨૪ જૂન ૧૮૮૨ દરમ્યાન પોતાના મુંબઇ નિવાસ દરમ્યાન ૨૪ વ્યાખ્યાન આપેલ હતાં, તેમના આ પ્રવચનો આર્યસમાજ (કાકડવાડી) મુંબઇની કાર્યવાહી - નોંધવહીમાં સંકલિત કરવામાં આવેલ હતાં. જે નોંધ ગુજરાતી ભાષામાં હતી. જેનો હિન્દી ભાષામાં સર્વપ્રથમ અનુવાદ મુંબઇ નિવાસી શ્રી જગદેવસિંહે કર્યો હતો અને વેદવાણી ના ફેબ્રુઆરી અને માર્ચ ૧૯૮૨ ના અંકોમાં પ્રકાશન થયું હતું. પં. યુધિષ્ઠિર મીમાંસાકજીના 'ઋષિ દયાનંદના ગ્રન્થનો ઇતિહાસ'માં નોંધ છે કે પ્રવચનો વિશે સવિસ્તાર જાણવા માટે ૧૨ ફેબ્રુઆરી ૧૮૮૨ના ગુજરાતી સમાચારપત્ર (મુંબઇ સમાચાર) જુઓ.

www.thearyasamaj.org



## સાક્ષર નગરી નડિયાદ ખાતે
# વેદ પ્રચાર કાર્યક્રમ યોજાયા

ગુજરાત આર્ય પ્રતિનિધિ સભા - અમદાવાદ દ્વારા પં. ભૂપેન્દ્રસિંહ તથા શ્રી લેખરાજજી શર્મા-અલીગઢ (ઉત્તર પ્રદેશ) નો વેદ પ્રચાર કાર્યક્રમનો આર્યસમાજ - નડિયાદ ખાતે તા. ૧૪-૧૨-૨૦૧૬ બુધવાર અને તા. ૧૫-૧૨-૨૦૧૬ ગુરૂવારના રોજ નીચે મુજબના ચાર સ્થળોએ યોજાય ગયેલ.

તા. ૧૪-૧૨-૨૦૧૬ ના વિનય મંદિર હાઇસ્કૂલનાં પ્રાંગણમાં પં. ભૂપેન્દ્રસિંહજી તથા શ્રી લેખરાજજીનો ભજન તેમજ વેદ પ્રવચારનો કાર્યક્રમ સવારે ૯ થી ૧૦ કલાકે રાખેલ જેમાં પંડિતજીએ બાળકોને, માતા, પિતા, ગુરુ વિશે તેમજ વ્યસન મુક્તિ વિશે સરળ ભાષામાં ઉપદેશ ભજનો દ્વારા સમજાવેલ આ કાર્યક્રને સ્કૂલનાં આચાર્ય, શિક્ષકગણ, શિક્ષિકાગણ, સ્ટાફ ગણ તથા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ શાંતિપૂર્વક સાંભળ્યો.

તા. ૧૪-૧૨-૨૦૧૬ ને બુધવારના રોજ મે. ટ્રસ્ટી શ્રી દિનેશચંદ્રજી આચાર્યના નિવાસ સ્થાને સાંજે ૮.૩૦ થી ૧૦.૦૦ સુધી વેદપ્રચાર, ભજનનો પ્રોગામ રાખેલ. જેમાં પં. ભૂપેન્દ્રસિંહજી તથા શ્રી લેખરાજજીનો ઓજસ્વી વાણી દ્વારા પરિવાર, ગૃહસ્થ જીવન, તેમજ બાળકોમાં સંસ્કારોનું સિંચન વિશે મહત્વ સમજાવેલ અને મધુર ભજનો દ્વારા સૌ ઉપસ્થિત ધર્મપ્રેમી ભાઇઓ-બહેનો, બાળકોને સૌને આનંદ વિભોર કરેલ. ડૉ. અનિરૂદ્ધજી વ્યાસ તથા તેમનાં સુપુત્ર તેમજ તેમની સાથે શ્રી નિશાંત શુક્લ જે રોજગાર અધિકારી - નડિયાદ આ શુભ કાર્યક્રમમાં પોતાનો અમૂલ્ય સમક્ષ ફાળવી ઉપસ્થિત રહી કાયક્રમની શોભા વધારેલ.

પં. ભૂપેન્દ્રસિંહજી તથા શ્રી લેખરાજજીને પં. દિનેશચંદ્ર આચાર્ય દ્વારા સુપુત્રી શ્રદ્ધા આર્ય જે હાલ મેલર્બોન (ઓસ્ટ્રેલીયા) થી ૨ માસ માટે આવેલ જેણે પંડિતજી ભજનોપદેશકનું શાલ અને દક્ષિણા દ્વારા સ્વાગત કરેલ.


નડિયાદ ખાતે પ્રવચન આપતા પં. ભૂપેન્દ્રસિંહ

તા. ૧૫-૧૨-૨૦૧૬ ગુરૂવારનાં રોજ શારદા મંદિર ડે સ્કૂલ ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ જેની ૬૫૦ હતી. તેમજ આચાર્ય સુનિલભાઇ પંડયા તથા શિક્ષણગણ, શિક્ષિકા બહેનો તથા સ્ટાફગણની ઉપસ્થિતિમાં મોટા હોલમાં આયોજન કરેલ. પં. શ્રી ભૂપેન્દ્રસિંહજી દ્વારા વેદલક્ષી પ્રવચન આપેલ વેદ શું છે? વેદ કેટલાં છે? વેદના ઋષિ, વેદની ઋચાઓ, વેદમાં ઋષિમુનિઓએ ક્યું ક્યું જ્ઞાન આપેલ તેમજ ક્રાંતિકારીશ્રી અમર ભગતસિંહજી વીર ગાથા દ્વારા પ્રસ્તુત કરી ભજનોપદેશ કરેલ તેમજ આર્યસમાજ વિશે માહિતગાર કર્યા એક ભજન ગાયેલ સન્ડે હો યા મન્ડે કભી ના ખાના અંડે આ ભજનને લઇ સુમધુર ઓજસ્વી વાણીથી પ્રસ્તુત કરેલ જે ઉપસ્થિત હોલમાં બધા લોકોને મઝા આવી. આ કાર્યક્રમથી બધા ઉત્સાહિત બન્યા આચાર્યશ્રીએ જણાવેલ જ્યારે સાક્ષરનગરી-નડિયાદમાં આવાં વિદ્વાનો આવે ત્યારે અમારી સ્કૂલમાં આપનો અમૂલ્ય સમય ફાળવી બાળકોને ધાર્મિકતા વિશે જ્ઞાન પ્રાપ્ત કરાવશો.

શારદા મંદિર તરફથી પં. ભૂપેન્દ્રસિંહજી તથા લેખરાજજીનો ખૂબ ખૂબ આભાર પ્રંગટ કરેલ. પંડિતજી નેવ્યાસી વર્ષે જોશીલા અને પહાડી બુલંદ અવાજે જે ભજનો ગાયેલ જેઓનાં દીર્ઘજીવન માટે સૌએ પ્રાર્થના કરેલ વેદોનાં પ્રચાર-પ્રસાર માટે પ્રભુ શક્તિ આપે.

આર્યસમાજ સંસ્થાનાં મે. ટ્રસ્ટી શ્રી દિનેશચંદ્રજીએ પરિચય તેમજ કાર્યક્રમ પૂર્ણ બાદ શારદા મંદિર ડે સ્કૂલના આચાર્યશ્રીનો, તથા સર્વે સ્ટાફગણનો આભાર માનેલ. અમોને આ કાર્યક્રમની વ્યવસ્થા બદલ ખૂબ-ખૂબ ધન્યવાદ કરેલ ત્યાર બાદ શાંતિપાઠ થયેલ.

તા. ૧૫-૧૨-૨૦૧૬ ગુરુવારનાં રોજ સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે સાંઇબાબાના મંદિર ડાકોર રોડ પર - નડિયાદમાં પં. ભૂપેન્દ્રસિંહજી તથા શ્રી લેખરાજજીએ ભજનોપદેશ કરેલ જેમાં પ્રભુ ભક્તિનાં ભજન દ્વારા કાર્યક્રમ થયેલ. જેમાં ધાર્મિક ભાઇ-બહેનો દર્શનનાર્થે આવેલ તેઓએ આ ભજનનો લાભ લીધો.

ઉપરોક્ત કાર્યક્રમનું સુંદર આયોજન પં. દિનેશચંદ્ર આચાર્ય શ્રી અનૂપભાઇ પટેલ, શ્રી યોગેશભાઇ ગાંધી, શ્રી નરેશભાઇ કંથારીયા, પ્રમુખશ્રી, તથા શ્રી ભારતસિંહજી પરમાર, શ્રી ગૌતમભાઇ બ્રહ્મભટ્ટ અને આર્યસદસ્ય ગણ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારેલ.

### સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ...

અનુસંધાન પાના નં. ૬ પરનું ચાલુ..

રાજકોટ : આર્યસમાજ, હાથી ખાના, રાજકોટ દ્વારા સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસનો કાર્યક્રમ દલિતવાસમાં સાંજે ૪.૦૦ થી ૬.૦૦ રાખવામાં આવ્યો. જેમાં પાંચ કુંડીય યજ્ઞમાં દલિત દંપતીઓને યજમાન પદે બેસાડવામાં આવ્યા તેમજ અન્ય દલિત ભાઇ-બહેનોના હસ્તે યજ્ઞમાં આહુતિઓ અપાવવામાં આવી. આ પ્રસંગે દલિત આગેવાનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. પં. વીરબહાદુર શાસ્ત્રીએ સ્વામી શ્રદ્ધાનંદજીએ કરેલ દલિતોદ્ધારના કાર્યો વિશે પ્રવચન કર્યું. કાર્યક્રમનું સંચાલન રણજીતસિંહ પરમાર અને આભાર દર્શન પ્રવીણભાઇ ઠાકરે કર્યું. આર્યસમાજ દ્વારા સૌને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું અને આર્યસમાજના કાર્યક્રમમાં નિઃસંકોચ પધારવા આમંત્રણ આપ્યું.

www.thearyasamaj.org



અનુસંધાન પાના નં. ૧ પરનું ચાલુ..

દિવસ આચાર્ય તથા સહયોગી પં. લાલજીપ્રસાદ આચાર્ય-સામરખાનાં બ્રહ્માપદે થયેલ. જેમાં મુખ્ય યજમાન તરીકે શ્રી ભારતસિંહજી પરમાર (આર્યશ્રેષ્ઠી) તથા ડૉ. શ્રી અનિરૂદ્ધજી વ્યાસ તથા દલિત સમાજના યજમાનોએ હાજરી આપીને યજ્ઞને સંપન્ન કરેલ.

વડોદરાથી પધારેલ પં. પ્રહલાદભાઇ આચાર્યજીએ પ્રસંગોવત સ્વામી શ્રદ્ધાનંદજી સરસ્વતીના ૯૦ મા બલિદાન દિવસ પર પ્રચન કરેલ. સ્વામી શ્રદ્ધાનંદજી બાળપણથી વીર, સાહસી તેમજ યોગ સાધનાનું વર્ચસ્વ ધરાવતા તેઓએ ગુરુકુળ કાંગડી (હરિદ્વાર)ની સ્થાપના કરી હતી. ભારતીય શુદ્ધિ સભાના સ્થાપક, દલિતોઉદ્ધારક, સ્વાતંત્ર્ય આંદોલન રાષ્ટ્રીય સેવક હતાં આપણે સૌ સ્વામી શ્રદ્ધાનંદજીના જીવન આધારિત ચરિત્રોને લઇને આજે વર્તમાન યુગમાં જેમનાં સંસ્મરણો યાદ કરી જીવનમાં અનુસરવું જરૂરી છે. દેશ આજે આગળ વધી રહ્યો છે. ત્યારે સંસ્કાર, સંસ્કૃતિની માનવસમાજમાં ખૂબ જ જરૂર છે.

આ પ્રસંગે આર્યશ્રેષ્ઠી ભારતસિંહએ જણાવેલ સંસ્થા દ્વારા અનેકો વેદ પ્રચારલક્ષી કાર્યો કરે છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ સત્યાર્થપ્રકાશ, સંસ્કારવિધીમાં સોળસંસ્કાર લખેલ છે. જે આપણે હિન્દુ (આર્ય) જાતિ એ કરવા જ જોઇએ જેથી પરિવાર, સમાજ, રાષ્ટ્રમાં આ સંસ્કારોની ખાસ જરૂરત છે.

આ પ્રસંગે ડૉ. અનિરૂદ્ધજી વ્યાસ ઓરૂમ્ સ્મૃતિ ચિન્હ તથા પુસ્તકો ભેંટ આપી શ્રી ભારતસિંહજીએ આર્યસમાજ-નડિયાદ દ્વારા સન્માન કરેલ. ડૉ. શ્રી વ્યાસના મિત્રો ડૉ. શ્રી હર્ષદભાઇ કામલે જેઓ ફીજીશીયન - નડિયાદ અને ડૉ. શ્રી સ્નેહલભાઇ દેસાઇ-નડિયાદના જેઓ આંખોના ડૉક્ટર છે. આ બંને મહાનુભાવોનું સ્વાગત ઓરૂમ સ્મૃતિ ચિન્હ તેમજ સત્યાર્થપ્રકાશ, ઋગ્વેદાદિભાષ્યભૂમિકા તેમજ અન્ય પુસ્તકો દ્વારા સન્માન કરેલ.

આ કાર્યક્રમ આર્યસમાજ-નડિયાદના સૌ ટ્રસ્ટીગણ, શ્રી ભારતસિંહ પરમાર-ફતેપુરા, શ્રી ગૌતમભાઇ બ્રહ્મભટ્ટ, શ્રી અનૂપભાઇ પટેલ, શ્રી નરેશભાઇ કંથારીયા, શ્રી ડી. એલ. વૈષ્ણવ સાહેબ તથા ધર્મ-પ્રેમી, ભાઇ-બહેનોના સાથ-સહકારથી આ કાર્યક્રમને સફળ બનાવ્યો - આ પ્રસંગે મહાનુભાવો તથા ધર્મપ્રેમી આ કાર્યક્રમમાં સંખ્યા ૯૦ થી ૧૦૦ ભાઇઓ-બહેનોની હતી.

**ટંકારા :-** આર્યસમાજ ટંકારા દ્વારા સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસની ઉજવણી દલિતવાસમાં કરવામાં આવી હતી. ૨૩ ડિસેમ્બરના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૩૦ દલિતવાસમાં વિશેષ યજ્ઞ રાખવામાં આવેલ હતો. જેમાં યજમાન પદે દલિત દંપતી બિરાજ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત અન્ય દલિત ભાઇ-બહેનોએ પણ યજ્ઞમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. આર્યસમાજના મંત્રી શ્રી હસમુખભાઇ પરમારે પ્રાસંગિત ઉદ્‌બોધન કરી સ્વામી શ્રદ્ધાનંદના જીવન અને કાર્યની જાણકારી આપી હતી તેમજ દલિત ભાઇઓ જ્યારે પણ ઇચ્છે ત્યારે પોતાને ત્યાં યજ્ઞ - સંસ્કાર માટે આર્યસમાજ દ્વારા નિઃશુલ્ક વ્યવસ્થા કરી આપવાની જાહેરાત કરી હતી. તેમજ તેઓને આર્યસમાજમાં યોજાતા સત્સંગોમાં નિઃસંકોચ ભાગ લેવા આમંત્રણ આપેલ હતું.

કાર્યક્રમને સફળ બનાવવા દેવકુમાર પડસુંબિયા, રજનીકાંત મોરસણીયા, આનંદભાઇ વગેરે યોગદાન આપ્યું હતું.

**જામનગર :** આર્યસમાજ જામનગર દ્વારા બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના સહયોગથી સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ દલિતોદ્ધાર દિવસ તરીકે ઉજવવામાં આવ્યો. આર્યસમાજ જામનગર દ્વારા બૃહદ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના સાનિધ્યમાં સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસનું સમારોહ પૂર્વક આયોજન તા. ૨૩-૧૨-૨૦૧૬ ના રોજ કરવામાં આવ્યું હતું. આ સમારોહના અધ્યક્ષ તરીકે બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રમુખ શ્રી રણજીતસિંહ પરમાર રહ્યા હતાં.

ઉપસ્થિત અતિથિઓનું સ્વાગત આર્યસમાજ જામનગરના પ્રમુખશ્રી પ્રેમજીભાઇ રાણા, માનદ મંત્રીશ્રી ડૉ. અવિનાશભાઇ ભટ્ટ, બૃહદ સૌરાષ્ટ્ર આર્ય પ્રદેશિક સભાના પ્રમુખ શ્રી રણજીતસિંહ પરમાર, શ્રી મોતીવરસ સાહેબ - પ્રમુખ પોરબંદર આર્યસમાજ અને શ્રી પ્રવીણભાઇ ઠાકર - માનદ્ મંત્રી આર્યસમાજ રાજકોટ દ્વારા આવ્યા હતા.

આ સમારંભમાં સ્વામી શ્રદ્ધાનંદને શ્રદ્ધાંજલિ અર્પતા ભજનો શ્રી મહેશભાઇ રામાણી અને સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળ - ભવાનીપર (કચ્છ)ના બ્રહ્મચારીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતાં.

ત્યાર બાદ સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળ - ભવાનીપુર (કચ્છ)ના આચાર્ય પ. પૂ. સ્વામી શાંતાનંદ સરસ્વતી મહારાજ, આચાર્ય શ્રી રામદેવજી મહારાજ (ટંકારા ઉપદેશક મહાવિદ્યાલય) અને શ્રી

સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ...

હસમુખ પરમાર (માનદ્ મંત્રી શ્રી ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા અને બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભા) એ પ્રાસંગિક ઉદબોધન કરેલ. સભા અધ્યક્ષ શ્રી રણજીતસિંહ પરમારે તેમનું અધ્યક્ષીય પ્રવચન આપેલ.

આ પ્રસંગે જામનગરના પૂર્વ ધારાસભ્ય શ્રી લાલજીભાઇ સોલંકી, કે જેઓ દલિત સમાજમાંથી આવે છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી સોલંકી દંપતી વેદકથામાં યજમાન તરીકે પણ બિરાજેલ. શ્રી લાલજીભાઇ સોલંકી અન્ય દલિત ભાઇ - બહેનો પણ સમારોહમાં જોડાયા હતા અને બધા જ સાથે મળીને ભોજનનો પણ આનંદ પ્રાપ્ત કરેલ. શ્રી લાલજીભાઇ સોલંકીએ તેમના પ્રતિભાવો આપતા તેમને પડેલ મુશ્કેલીઓનો ઉલ્લેખ કરીને દલિતોદ્ધાર માટેના આર્યસમાજ અને સ્વામી શ્રદ્ધાનંદના યોગદાનને બિરદાવ્યું હતું.

બૃહદ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના માનદ્ મંત્રીશ્રી હસમુખભાઇ પરમાર દ્વારા સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમના દ્વારા રસપ્રદ શૈલીમાં કરવામાં આવ્યું.

વિચાર ટેલિવિઝન નેટવર્ક પ્રસ્તુત આહ્‌વાન (સ્વામી શ્રદ્ધાનંદના જીવન પર આધારિત ચલચિત્ર) દર્શાવવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આર્યસમાજ-જામનગરના માનદ મંત્રી ડૉ. અવિનાશભાઇ ભટ્ટના માર્ગદર્શન હેઠળ આર્યસમાજ જામનગરના સર્વે પદાધિકારીઓ, અંતરંગ સદસ્યો, આર્ય સદસ્યો, શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયના સર્વે સ્ટાફ અને સંસ્થા - શાળાના સમગ્ર કર્મચારીગણે જહેમત ઉઠાવી હતી.

આભાર દર્શન આર્યસમાજ જામનગરના માનદ્ મંત્રી શ્રી ડૉ. અવિનાશભાઇ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યો.

**જૂનાગઢ :** આર્યસમાજ, જૂનાગઢ દ્વારા સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસની ઉજવણી જૂનાગઢ જિલ્લાના ચિરોડા - મેંદરડાની કન્યાશાળામાં રાખવામાં આવેલ હતા સર્વ પ્રથમ યજ્ઞ કરવામાં આવ્યો. જેમાં વિદ્યાર્થિની બહેનો અને શાળાના શિક્ષકગણે યજ્ઞમાં આહુતિ આપી હતી. આ પ્રસંગે કન્યાઓએ સ્વામી શ્રદ્ધાનંદ વિષે વકતવ્ય આપ્યા હતા. તેઓને આર્યસમાજ જૂનાગઢ તરફથી પુરસ્કાર આપી પ્રોત્સાહન આપવામાં આવેલ હતું.

શાળાને પણ સાહિત્ય આપવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા પ્રવીણાબેન વાઘેલા અને આ. વી. દળના અધિષ્ઠાતા દીપકભાઇએ જહેમત ઉઠાવી હતી.

અનુસંધાન પાના નં. ૫ પરનું ચાલુ..

www.thearyasamaj.org



| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| આ | અ | ત | પ | ફ | બ | પ | ૨ | ત |
| ડ | હ | ગુ | મ | પ | ય | ન | ન | ન |
| લ | ખ | વા | રુ | વા | ન | ઠ | પ | હ |
| ગ | ત | મ | ન | હુ | ગ | ય | સિ | ગ |
| ડ | આ | ર્ | વ | સં | ળ | દ | ક | ૨ |
| ત | થ | ર્ય | ન્દુ | ન | વિં | કાં | દ્ધા | ય |
| ગ | મ | હિ | સ | ગો | પ | તો | ગ | ડ |
| ણ | મ | ય | રુ | મા | લિ | મ | મ | ડી |
| વ | ૨ | ગુ | લ | દ | જ | ત | થ | દ |

**ડાબી બાજુએ આપેલ કોઠામાંથી નીચે આપેલ પ્રશ્નોના ઉકેલ શોધો.**

- ૧૯૨૪ માં સ્વામી શ્રદ્ધાનંદ દ્વારા ક્યું પુસ્તક લખવામાં આવ્યુ હતું. - ૬
- સિખ ધર્મના સંસ્થાપક કોણ હતા? - ૭
- પાપીઓના નાશ માટે ઈશ્વર અવતાર લે છે, તે માન્યતા સાથે કઇ સંસ્થા સંમત નથી. - ૫
- સ્વામી શ્રદ્ધાનંદના જીવન પર આધારિત ફિલ્મનું નામ શું છે? - ૪
- એક જાતિના ઉદ્ધાર માટે સ્વામી શ્રદ્ધાનંદે કઇ સભાની સ્થાપના કરી હતી?- ૫
- આ ગુરુકુળ તો આપણને યાદ જ છે. - ૭

આ માસના શબ્દકોઠાનો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે, તારીખ ૨૫ સુધીમાં સાચો જવાબ મોકલનારનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવશે.

## પ્રાંતીય સભા દ્વારા આર્યસમાજ આણંદ ખાતે
# પં. ભૂપેન્દ્રસિંહનાં વેદપ્રચાર કાર્યક્રમો યોજાયા

ચરોતર પ્રદેશ આર્યસમાજ-આણંદ છેલ્લાં ૮૨ વર્ષથી ચરોતર પ્રદેશમાં ધાર્મિક, રાષ્ટ્રિય, સામાજિક સેવા કાર્યો કરીને સમાજને અવિરત ઉપયોગી થઇ રહ્યું છે. સંસ્થા દ્વારા વર્ષભરમાં અનેકવિધ પ્રવૃતિઓ અબાધ ચાલતી રહે છે. શીતઋતુમાં ૧૬-૧૨-૨૦૧૬ થી ૧૮-૧૨-૨૦૧૬ ત્રણ દિવસ દરમ્યાન ચરોતરના વિવિધ ગામો તથા શાળાઓમાં સઘન વેદપ્રચારના કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યા.

આ વેદપ્રચારનો કાર્યક્રમ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ગોઠવવામાં આવ્યો હતો. વૈદિક ધર્મપ્રચાર પં. ભુપેન્દ્રસિંહજી આર્ય (ભજનોપદેશક) - અલીગઢ (ઉત્તરપ્રદેશ) તથા શ્રી લેખરાજજી શર્મા (તબલાવાદક)- રાજસ્થાન ને ખાસ પ્રચાર કાર્ય માટે મોકલવામાં આવ્યા હતાં.

નીચેના સ્થળોએ પરમાત્માની પરમ પવિત્ર વાણી વેદ, સત્ય સનાતન વૈદિક ધર્મ, રાષ્ટ્રવાદ, યોગ વગેરે મુદ્દાઓને આવરી લઇને ભજન તથા રોચક કથા વાર્તા દ્વારા સૌને સમજ પડે તેવી સરળ છતાં રોચક શૈલીમાં ભજનો દ્વારા સફળતાપૂર્વક કાર્યક્રમો સંપન્ન થયા હતાં.

તા. ૧૬-૧૨-૨૦૧૬ના રોજ સવારે ૮ થી ૯ દરમ્યાન એસ. ડી. દેસાઇ હાઇસ્કૂલ, બાકરોલ, ખાતે યોજેલ કાર્યક્રમ ૩૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બપોરે ૧ થી ૨.૩૦ દરમ્યાન શ્રી બી. એન. પટેલ હાઇસ્કૂલ, નાવલી ખાતે ૩૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બપોરે ૩ થી ૪ દરમ્યાન એન. એસ. પટેલ હાઇસ્કુલ, નાપાડ ખાતે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. રાત્રિના ૮.૩૦ થી ૯.૩૦ સુધી મોગર ગામે કોમ્યુનિટી હોલમાં શ્રી પ્રવીણસિંહ મહિડાના પ્રયત્નોથી ભજનોપદેશનો કાર્યક્રમ યોજાયો હતો. જેમા ૫૦ થી ૬૦ જેટલા પરિવારના સદસ્યોએ હાજર રહી સુમધુર ભજન તથા ઉપદેશ સાંભળ્યા હતા.

તા. ૧૭-૧૨-૨૦૧૬ ના રોજ ૮ થી ૯ દરમ્યાન શારદા હાઇસ્કૂલ, આણંદ ખાતે યોજેલ ભજનોપદેશના કાર્યક્રમમાં ૪૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને રાત્રિના ૮.૩૦ થી ૧૦ દરમ્યાન ખંભળોજ ગામે યોજેલ કાર્યક્રમમાં ૧૦૦ જેટલા પરિવારના સદસ્યોએ લાભ લીધો હતો. યુવકોનો ઉત્સાહ જોતા ભજનોપદેશકે થોડો વધુ સમય માટે પોતાના ઉમદા વિચારો રજૂ કર્યા હતા. ૧૮-૧૨-૨૦૧૬ ના રોજ સાપ્તાહિક બૃહદયજ્ઞ બાદ સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન સંસ્થાના એન. કે. સોલંકી હોલમાં ભજનોપદેશનો કાર્યક્રમ યોજાયો. જેમાં આશરે ૧૫૦ જેટલા પરિવારના સદસ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ભજન તથા ઉપદેશનો રસાસ્વાદ માણ્યો હતો.

ભજનોપદેશના કાર્યક્રમથી શાળાના આચાર્ય સહિત શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખૂબ પ્રભાવિત થયા હતાં અને આ પ્રકારનું જ્ઞાન પહેલીવાર જ સાંભળવા મળ્યું તેવું જણાવીને આવી શિક્ષા દરેકને મળવી જ જોઇએ તેવી અનુભૂતિ થઇ હતી.

સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલાના માર્ગદર્શન તથા માનદમંત્રીશ્રી આર્કિ. અશોકભાઇ પટેલની સીધી દેખરેખ હેઠળ સંસ્થાના અંતરંગ સદસ્યશ્રી કેતનભાઇ પટેલ (નાવલી)ના સક્રિય સહયોગ રહ્યો હતો.




ભજનોપદેશ આપતા પં. ભૂપેન્દ્રસિંહ

## આર્યસમાજ ગાંધીધામનું ૬૩મું
## વાર્ષિક અધિવેશન સંપન્ન

ગત તા. ૧૬-૧૭-૧૮ આર્યસમાજ ગાંધીધામનું ત્રિદિવસીય વાર્ષિક અધિવેશન ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયું. મુખ્ય વક્તા તરીકે સ્વામી શાંતાનંદ સરસ્વતી, પં. કમલેશકુમાર અગ્નિહોત્રી, ડૉ. ધર્મપાલ આર્ય, સ્વામી શ્રદ્ધાનંદ (પલવલ) વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે આર્યસમાજ સંચાલિત જીવન પ્રભાતના બાળકો અને ડી. એ. વી. વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો.

આર્યસમાજ ગાંધીધામની વિકાસ યાત્રા આર્યસમાજના પ્રમુખ શ્રી વાચોનિધિ આચાર્યએ વર્ણવી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી મોહનભાઇ જાંગીડે કર્યુ હતું.

## શબ્દકોઠાનો ડિસેમ્બર - ૧૬ નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | મ | વ | પ | બ | ૨ | ન | લ | ત | ૨ |
| ન | જી | ગ | વ | ન | ડ | લ | ધિ | શ્વ | ય |
| મ | ન | ત | ય | દ | અ | નિ | ઈ | બ | હ |
| પ | જા | ન | ગ | ન | ણા | વ | ડ | વા | ઘ |
| ગ | પ | ત | ૨ | રુ | અ | મ | વિ | પ | લ |
| ઉ | દ | ૨ | ક | ન | લ | ય | દ | તિ | ગ |
| ગ | દ | ગો | ૨ | ર્મ | ટ | ઠ | ફ | મ | પ |
| ગ | ૨ | ન | ય | દ | ઘ | પ્ર | ય | ૨ | ત |

www.thearyasamaj.org




# આર્યાભિવિનય

મહર્ષિ દયાનંદ સરસ્વતી

देवकृतस्यैनसोऽवयजनमसि। मनुष्यकृतस्यैनसोऽवयजनमसि।
पितृकृतस्यैनसोऽवयजनमसि। आत्मकृतस्यैनसोऽवयजनमसि।
एनस एनसोऽवयजनमसि। यच्चाहमेनो विद्वांश्चकार।
यच्चाविद्वांस्तस्य सर्वस्यैनसोऽवयजनमसि।

**यजुर्वेद० ८.१३ ॥ १९ ॥**

**વ્યાખ્યા :** હે સર્વ પાપનાશક ઈશ્વર! **देवकृत०** ઈન્દ્રિય, વિદ્વાન અને દિવ્યગુણયુક્ત મનુષ્યોનાં દુઃખનો નાશ કરનાર એક આપ જ છો, અન્ય કોઈ નથી. મનુષ્ય (મધ્યસ્થ-સામાન્ય મનુષ્ય), પિતૃ (પરમ વિદ્યાયુક્ત મનુષ્ય) અને **आत्मकृत०** જીવોના પાપો તથા **एनस०** પાપોથી પણ મોટાં પાપોથી આપ જ **अवयजन** છો, અર્થાત્ સર્વ પાપોથી અલગ છો અને અમને સર્વ મનુષ્યને પણ પાપથી દૂર રાખનાર એક આપ જ દયામય પિતા છો. હે મહા અનંત વિદ્યાવાન! જે જે પાપો મેં વિદ્વાન (જ્ઞાનથી) અથવા અવિદ્વાન બનીને (અજ્ઞાનથી) કર્યા હોય, તે સર્વ પાપોથી છોડાવનાર (પાપવૃત્તિનો નાશ કરનાર) આપ વિના આ સંસારમાં અમારું અન્ય કોઈ શરણ નથી. તેથી અમારા અવિદ્યાદિ સર્વ પાપો છોડાવીને અમને તત્કાળ શુદ્ધ કરો.



## અંધવિશ્વાસ અને તેનું નિવારણ

- મદન રહેજા



**અંધ વિશ્વાસ** - બ્રહ્મા દ્વારા સૃષ્ટિની રચના, વિશ્ણું દ્વારા સૃષ્ટિનું સંચાલન અને મહેશ દ્વારા સૃષ્ટિનો પ્રલય થાય છે.

**નિવારણ** - સૃષ્ટિની રચના, પાલન અને સંહાર એ ત્રણેય કાર્યોને કરનાર સત્તા અલગ-અલગ છે કે એક જ. એ ભ્રાન્તિ દૂર કરવાની જરૂર છે.

ઈશ્વર અક જ છે, અદ્વિતીય છે, તે સર્વજ્ઞ છે અને સર્વશક્તિમાન છે. સષ્ટિનું નિર્માણ, તેનું પાલન-પોષણ અને તેનો પ્રલય કરવાવાળો માત્ર એક ઈશ્વર છે. જે કોઈની પણ સહાયતા લીધા વગર પોતાના તમામ કાર્યો જાતે જ કરે છે. આથી તેને સર્વશક્તિમાન કહે છે. સર્વજ્ઞ હોવાથી માત્ર તે જ આ સૃષ્ટિનું નિર્માણ, પાલન અને સંહાર કરે છે.

અહીં એ શંકા થવી સ્વાભાવિક છે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કોણ છે? આ ત્રણેય તે જ પરમપિતા પરમાત્માનું નામ છે, ઈશ્વરના ગુણ-કર્મ-સ્વભાવ અનંત હોવાથી તેના ગૌણિક અને આલંકારિક નામ અનંત છે - અગણિત છે.

બ્રહ્માનો અર્થ છે - સૌથી મહાન, વિષ્ણુંનો અર્થ છે સૌ વ્યાપક અને મહેશનો અર્થ છે સર્વ (જડ અને ચેતન) નો ઈશ અર્થાત્ સ્વામી. ઈશ્વર અનંત શક્તિઓવાળો છે. પોતાનાં તમામ કામ તે સ્વયં-જાતે જ કરે છે, તેનો કોઈ સહાયક નથી. કારણ કે આપણને ઈશ્વરનાં ત્રણ મુખ્ય કાર્યો દેખાય છે - સૃષ્ટિ - રચના, તેનું પાલન અને પ્રલય. આથી લોકોએ અજ્ઞાનતાના લીધો ભ્રમિત થઈને ઈશ્વરના ત્રણ નામો (ગુણો) ને અલગ - અલગ વ્યક્તિત્વ પ્રદાન કરીને તેને ત્રણ ભાગોમાં વહેંચી દીધો છે. આ યોગ્ય નથી. કારણ કે ઈશ્વર એક અને પૂર્ણ હોવાથી વિભાજિત કરી શકાય નહી.

RNI Registration No. GujGuj/2015/63289 RNP No. Rajkot / 672 / 2015 - 17 BOOK-POST
Posted at Rajkot RMS on 6th of every month.

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**મહર્ષિ દયાનંદ માર્ગ,**
**હાથીખાના, રાજકોટ.**
**પિન : ૩૬ ૩૬ ૦૧**

प्रति, ____________________

____________________

____________________

____________________

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj , Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot.